પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૬૭ | ૨૭ ઓગસ્ટ, ૨૦૨૧, શુક્રવાર; શ્રાવણ વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ભારત અફઘાન મુદ્દે વેઈટ એન્ડ વોચ મોડમાં

**અફઘાનિસ્તાન મુદ્દે નવી દિલ્હીમાં સર્વપક્ષીય બેઠક યોજાઈ : અફઘાનિસ્તાનની સ્થિતિ ખૂબ ખરાબ છે, તેવામાં ભારતનું ફોકસ પોતાના લોકોને જલ્દી બહાર કાઢવા ઉપર છે : એસ. જયશંકર**

નવી દિલ્હી, તા.૨૬

ભારત સરકારે ગુરૂવારે અફઘાનિસ્તાન મુદ્દે સર્વદળીય બેઠક યોજી હતી. વિદેશ મંત્રી એસ. જયશંકરની આગેવાનીમાં વિદેશ મંત્રાલયની ટીમે તમામ રાજકીય દળોના ફ્લોર લીડર્સને અફઘાનિસ્તાનની સ્થિતિની જાણકારી આપી હતી. સરકારે જણાવ્યું હતું કે, હાલ તેઓ વેઈટ એન્ડ વોચ મોડમાં છે પરંતુ મુખ્ય ફોકસ લોકોને ત્યાંથી કાઢવા પર છે. સૂત્રો દ્વારા મળતા અહેવાલ પ્રમાણે વિદેશ મંત્રી એસ. જયશંકરે બેઠકમાં જણાવ્યું કે, અફઘાનિસ્તાનની સ્થિતિ ખૂબ જ ખરાબ છે. તેવામાં ભારતનું ફોકસ પોતાના લોકોને જલ્દી બહાર કાઢવા પર છે. તાલિબાને અમેરિકા સાથે દોહામાં જે વચન આપેલું તેને પૂરૂ નથી કર્યું.



વિદેશ સચિવ હર્ષ શૃંગલાએ પણ આ બેઠકમાં પ્રેઝન્ટેશન આપ્યું હતું. સરકાર દ્વારા કહેવામાં આવ્યાં હતું કે, અફઘાનિસ્તાનમાં ભારત સરકારના હેલ્પ ડેસ્ક પર આશરે ૧૫ હજાર લોકોએ સંપર્ક કર્યો. સમગ્ર વિશ્વ હજુ પણ તાલિબાનને લઈ વેઈટ એન્ડ વોચની પોલિસી અપનાવી રહ્યું છે. ભારત પણ તે મોડ પર જ છે. જાણવા મળ્યા મુજબ તમામ રાજકીય દળોએ અફઘાનિસ્તાનથી ભારતીયોને કાઢવાના પ્રયત્નોની પ્રશંસા કરી હતી. ઉલ્લેખનીય છે કે, આ બેઠકમાં વિદેશ મંત્રી એસ. જયશંકર, સંસદીય મંત્રી પ્રહ્લાદ જોશી, પીયૂષ ગોયલ સહિત સરકાર તરફથી અન્ય લોકો પણ સામેલ થયા હતા. જ્યારે વિપક્ષમાંથી શરદ પવાર, મલ્લિકાર્જુન ખડગે, અધીર રંજન ચૌધરી જેવા નેતા અને અન્ય રાજકીય દળોના સદસ્યોએ બેઠકમાં ભાગ લીધો હતો.

ભારત દ્વારા સતત લોકોને અફઘાનિસ્તાનમાંથી બહાર કાઢવાના પ્રયત્નો ચાલુ છે. ભારતે પહેલા જ પોતાના દૂતાવાસના લોકોને બહાર કાઢી લીધા હતા. હવે ત્યાં ફસાયેલા ભારતીયોને બહાર કાઢવા પર ફોકસ કરવામાં આવ્યું છે. તે સિવાય અફઘાનિસ્તાનમાં રહેતા હિંદુ અને શીખોને પણ ભારતમાં લાવવામાં આવી રહ્યા છે.

## અફઘાનિસ્તાનમાં આતંક બાદ આર્થિક તંગી

**કાબુલ એરપોર્ટ પર લોકો ભૂખ્યા-તરસ્યા રહેવા મજબૂર : અફઘાનિસ્તાનમાં ૩,૦૦૦માં પાણીની એક બોટલ તેમજ એક પ્લેટ ભાતની કિંમત ૭૫૦૦ : બજારમાં લૂંટ**

કાબુલ, તા.૨૬

અફઘાનિસ્તાનમાં તાલિબાનોએ કબજો કર્યા પછી અહીં અફરાતફરીનો માહોલ છે. અફઘાનિસ્તાનના લોકોને આશા છે કે કોઈ દેશ તેમને આશરો આપશે અને તેથી તેઓ તાલિબાનના ડરથી કાબુલ એરપોર્ટ તરફ ભાગી રહ્યા છે. અમેરિકા સહિત ઘણા દેશો પણ તેમના નાગરિકોને ત્યાંથી સુરક્ષિત કાઢવાનો પ્રયત્ન કરી રહ્યા છે, પરંતુ એવા હજારો અફઘાનો છે, જેઓ ત્યાંથી નીકળવાની આશા રાખી રહ્યા છે. આ કારણથી જ કાબુલ એરપોર્ટ પર રોજ હજારો લોકોની ભીડ જોવા મળી રહી છે, પરંતુ હવે અહીં પણ તેમની હાલત દયનીય બની રહી છે. કાબુલ એરપોર્ટ પર અત્યારે ચારેબાજુ નિરાશા અને હતાશાનું વાતાવરણ જોવા મળી રહ્યું છે. અહીં પાણી અને જમવામાં માટે હજારોની કિંમત વસૂલાય છે. પરિણામે, અફઘાનોને ભૂખ્યા મરવાનો વારો આવ્યો છે.

અફઘાનિસ્તાનમાં લોકો અહીં ભૂખ્યા-તરસ્યા ગરમીમાં તેમનો વારો આવવાની રાહ જોઈ રહ્યા છે, પરંતુ હવે લોકોની આશા તૂટતી જાય છે અને શરીરે જવાબ આપવાનું શરૂ કરી દીધું છે.

● અનુસંધાન પાન-૭ પર



## પાક.માં ઘૂસવાની ફિરાકમાં લોકોની અફઘાન સરહદે ભીડ

**અફઘાન-પાકિસ્તાન સરહદ પરનો વીડિયો વાયરલ : સ્પિન-બોલદાક સરહદ પર લોકો દરવાજો ખુલે તેની રાહ જોઈ રહ્યા છે જેથી પાકિસ્તાનમાં જઈને રહી શકે**

કરાંચી, તા.૨૬

અફઘાનિસ્તાનના કાબુલ એરપોર્ટ ખાતે દેશ છોડવા માટે આતુર લોકોએ વિમાન પકડ્યું તેની તસવીરો સામે આવી તો સમગ્ર વિશ્વ ચોંકી ઉઠ્યું હતું. અફઘાનિસ્તાનમાંથી મોટી સંખ્યામાં લોકો બહાર ભાગી રહ્યા છે. આ બધા વચ્ચે વધુ એક તસવીર સામે આવી છે જે હાલ કેટલું મોટું સંકટ વ્યાપેલું છે તેમ દર્શાવે છે.

અફઘાનિસ્તાન-પાકિસ્તાન સરહદ પર

● અનુસંધાન પાન-૭ પર



## નાગારત્ના પ્રથમ મહિલા ચીફ જસ્ટિસ બની શકે છે

**સુપ્રીમમાં નવ જજોની નિયુક્તિને કેન્દ્રની મંજૂરી : સુપ્રીમ કોર્ટના કોલેજિયમે મોકલેલા નવ નામમાં ત્રણ મહિલાઓનો સમાવેશ**

નવી દિલ્હી, તા.૨૬

કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટ કોલેજિયમ દ્વારા મોકલવામાં આવેલા ૯ જજોની નિયુક્તિને મંજૂરી આપી દીધી છે. આ ૯ જજોમાં ૩ મહિલા જજના



નામ પણ સામેલ છે. તે પૈકીના એક ભવિષ્યમાં ભારતના પહેલા મહિલા મુખ્ય ન્યાયાધીશ પણ બની શકે છે. કોલેજિયમે જે નામોની ભલામણ કરી છે તેમાં કર્ણાટક હાઈકોર્ટના જસ્ટિસ બીવી નાગારત્ના, તેલંગાણા હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ હિમા કોહલી, ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ બેલા ત્રિવેદીનો પણ સમાવેશ થાય છે.

તે સિવાય કર્ણાટક હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ જસ્ટિસ અભય શ્રીનિવાસ ઓકા, ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ વિક્રમ નાથ, સિક્કિમ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ જિતેન્દ્ર કુમાર માહેશ્વરી, સીટી રવિકુમાર (કેરળ હાઈકોર્ટમાં ન્યાયાધીશ) અને એમએમ સુંદરેશ (કેરળ હાઈકોર્ટમાં ન્યાયાધીશ)નો સમાવેશ થાય છે. વર્તમાન સમયમાં સુપ્રીમ કોર્ટમાં ૨૪ ન્યાયાધીશ છે. ૯ જજોની નિયુક્તિ બાદ પણ ટોચની અદાલતમાં એક પદ ખાલી રહેશે.

કોલેજિયમે જે નામોની ભલામણ કરી છે તેમાં જસ્ટિસ નાગારત્ના ભારતના પહેલા મહિલા ચીફ જસ્ટિસ બની શકે છે.

## ચિંતા : દેશમાં ૪૬,૧૬૪ કેસ

**૬૦૭ દર્દીનાં મોત થયાં : કોરોનાની બીજી લહેર પીક પર પહોંચ્યાના ૩ માસ બાદ પણ સ્થિતિ અસામાન્ય : કેરળમાં કોરોના સંક્રમણ બેકાબૂ, મહારાષ્ટ્રમાં પણ ગંભીર પરિસ્થિતિ, કુલ કેસ પૈકીના ૩૬ હજારથી વધુ કેસ કેરળ અને મહારાષ્ટ્ર રાજ્યમાં નોંધાયા**

નવી દિલ્હી, તા.૨૬

કોરોનાની બીજી લહેર પીક પર પહોંચ્યાના ૩ મહિના બાદ પણ સ્થિતિ સામાન્ય નથી બની. એક તરફ કેરળમાં કોરોના સંક્રમણ બેકાબૂ બની ગયું છે ત્યારે બીજી બાજુ તેની અસર રાષ્ટ્રીય સ્તરે પણ જોવા મળી રહી છે.

પરિસ્થિતિ એ છે કે, છેલ્લા ૨ દિવસમાં કોરોનાના નવા કેસમાં ૨૦ હજાર કરતા પણ વધારેનો ઉછાળો જોવા મળ્યો છે. સ્વાસ્થ્ય મંત્રાલયના અહેવાલ પ્રમાણે ગુરૂવારે છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૪૬,૧૬૪ નવા કેસ નોંધાયા છે અને ૬૦૭ દર્દીઓએ પોતાનો જીવ ગુમાવ્યો છે. તે સિવાય ૩૪,૧૫૯ દર્દીઓ સાજા થઈને પોતાના ઘરે ગયા છે. દેશમાં કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા ૩,૩૩,૭૨૫ છે. જ્યારે દેશમાં મૃતકોની સંખ્યાની વાત કરીએ તો તે ૪,૩૬,૩૬૫ થઈ ગઈ છે અને અત્યાર સુધીમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા ૩,૧૭,૮૮,૪૪૦ થઈ છે.



સ્વાસ્થ્ય મંત્રાલયના અહેવાલ પ્રમાણે બુધવારે પાછલા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૩૭,૫૯૩ કેસ નોંધાયા હતા અને ૬૪૮ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો હતો. ઉપરાંત ૩૪,૧૬૯ દર્દીઓ સાજા થઈને પોતાના ઘરે ગયા હતા. બુધવારે દેશમાં કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા ૩,૨૨,૩૨૭ હતી.

પાછલા ૨૪ કલાકમાં નોંધાયેલા કુલ કેસ પૈકીના ૩૬ હજાર કરતા વધારે કેસ માત્ર કેરળ અને મહારાષ્ટ્રમાં નોંધાયા છે. ૨૪ કલાકમાં કુલ ૬૦૭ લોકોના મોત થયા છે જેમાંથી મહારાષ્ટ્રમાં ૨૧૬ અને કેરળમાં ૨૧૫ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. ભારતમાં કોરોનાનો રિકવરી રેટ ૯૭.૬૩ ટકા છે.

## કલ્યાણસિંહના નામ સાથે બે મેડિકલ સંસ્થાના નામ જોડાયા

**યુપીના પૂર્વ મુખ્યમંત્રીને યોગીની અનોખી શ્રધ્ધાંજલિ અયોધ્યામાં રામ જન્મભૂમિ આંદોલનને નિર્ણાયક વળાંક સુધી લઈ જવામાં કલ્યાણસિંહનું યોગદાન જગજાહેર**

લખનૌ, તા.૨૬

ઉત્તર પ્રદેશની યોગી સરકારે પૂર્વ મુખ્યમંત્રી કલ્યાણ સિંહને અનોખી શ્રદ્ધાંજલિ આપી છે. ઉત્તર પ્રદેશ સરકારે રાજકીય મેડિકલ કોલેજ, બુલંદશહર અને સુપર સ્પેશિયાલિટી કેન્સર સંસ્થા, ચક ગંજરિયા, લખનૌનું નામકરણ પૂર્વ મુખ્યમંત્રી કલ્યાણ સિંહના નામ પરથી કરવાનો નિર્ણય લીધો છે. ઉલ્લેખનીય છે કે, ગત ૨૧ ઓગષ્ટના રોજ પૂર્વ મુખ્યમંત્રીનું અવસાન થયું હતું. તેઓ ૮૯ વર્ષના હતા અને લાંબા સમયથી પીજીઆઈ લખનૌમાં દાખલ હતા. ભાજપના વરિષ્ઠ નેતા કલ્યાણ સિંહના અંતિમ દિવસોથી લઈને અંતિમ સફર સુધી સરકાર અને સંગઠનના પ્રમુખ લોકો પડછાયાની માફક સાથે રહ્યા હતા. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને ભાજપના પ્રદેશ અધ્યક્ષ સ્વતંત્ર દેવ સિંહના નેતૃત્વમાં સરકાર અને સંગઠને તેમની દેખભાળ રાખી હતી અને તેમના સન્માનમાં કોઈ જ કસર બાકી નહોતી રાખી.

પ્રદેશ જ નહીં, દેશના રાજકારણમાં કલ્યાણ સિંહના કદનો અંદાજો આના પરથી લગાવી શકાય છે કે, તેઓ હોસ્પિટલમાં દાખલ હતા ત્યારે વડાપ્રધાન મોદી સમયાંતરે તેમના પરિવારજનો સાથે ફોનમાં વાત કરીને તેમના સ્વાસ્થ્યના સમાચાર મેળવતા રહેતા હતા. તેમના અવસાનના સમાચાર મળતા જ આગલા દિવસના તમામ કાર્યક્રમો છોડીને તેઓ શ્રદ્ધાંજલિ આપવા લખનૌ પહોંચી ગયા હતા. પ્રદેશમાં ભાજપને ઉંચાઈએ પહોંચાડવામાં કલ્યાણ સિંહની ભૂમિકાથી કોઈ અજાણ્યું નથી. અયોધ્યામાં રામ જન્મભૂમિ આંદોલનને નિર્ણાયક વળાંક સુધી લઈ જવામાં તેમનું યોગદાન જગજાહેર છે. રાજ્યપાલ પદેથી હટ્યા બાદ તેમણે ફરી ભાજપની સદસ્યતા ગ્રહણ કરી તો મુખ્યમંત્રીથી લઈને સંગઠનના ટોચના નેતાઓએ પણ એક માર્ગદર્શક તરીકે તેમને સન્માન આપ્યું.

## વિકાસના પ્રોજેક્ટમાં વિલંબ બદલ નરેન્દ્ર મોદી લાલઘૂમ

**સરકારી પ્રોજેક્ટોની સમીક્ષા માટે બેઠક યોજાઈ : પ્રોજેક્ટો સાથે સંકળાયેલા અધિકારીઓ-એજન્સીઓનું લિસ્ટ તૈયાર કરી લેટેસ્ટ માહિતી આપવા પ્રધાનમંત્રી મોદીનો આદેશ**

નવી દિલ્હી, તા.૨૬

સરકારી પ્રોજેક્ટોના સમયસર અમલની સમીક્ષા તેમજ પ્રો એક્ટિવ ગર્વનન્સની સમીક્ષા કરવા માટેની બેઠકમાં પીએમ મોદી ભારે લાલચોળ નજરે પડયા હતા.

સૂત્રોનુ કહેવુ છે કે, આઠ પ્રોજેકટમાં થઈ રહેલા વિલંબ બાદ પીએમ મોદીનો ચહેરો ગુસ્સાથી તમતમી ઉઠ્યો હતો અને તેમણે હવે મંત્રીમંડળ સચિવ રાજીવ ગાબાને એવા અધિકારીઓ તેમજ એજન્સીઓનુ લિસ્ટ તૈયાર કરવાનો આદેશ આપ્યો છે જેમના કારણે પ્રોજેક્ટો અપેક્ષા પ્રમાણે ઝડપથી આગળ વધી રહ્યા નથી.

પીએમ મોદીએ કહ્યુ છે કે, આવા અધિકારીઓનુ અલગ અલગ ડોઝિયર તૈયાર કરવામાં આવે અને દરેક પ્રોજેક્ટની લેટેસ્ટ જાણકારી મને આપવામાં આવે.પીએમ મોદીએ રાજ્યોના મુખ્ય સચિવોને પણ નિર્દેશ આપ્યો છે કે, રાજ્યોમાં ઓક્સિજન પ્લાન્ટ તૈયાર કરવા માટેના કામમાં ઝડપ કરે જેથી દરેક બેડ પર ઓક્સિજનની સુવિધા મળી રહે.

સૂત્રોનુ કહેવુ છે કે, રેલવેની એક યોજના લાગુ કરવામાં થયેલા વિલંબના કારણે તેની પાછળ થનારો ખર્ચ ત્રણ ગણો થઈ ગયો છે. આ જ રીતે વેસ્ટર્ન ડેડિકેકેટ ફ્રેટ કોરિડોરનો પ્રોજેક્ટ પણ વિલંબમાં પડ્યો છે. જેના કારણે પીએમ મોદી વધારે રોષે ભરાયા હતા. આ પહેલા પણ પીએમ મોદી સરકારી વિભાગોને પ્રોજેક્ટોમાં થતા વિલંબ માટે અધિકારીઓની જવાબદારી નક્કી કરવા માટે કહી ચુકયા છે. તેમને એ વાતની હંમેશા નારાજગી રહેતી હોય છે કે, પ્રોજેકટો અટકી જવાથી લોકોને સુવિધા મળતી નથી અને તેની પાછળનો ખર્ચ પણ વધી જતો હોય છે.

## પ.બંગાળમાં હિંસાના મુદ્દે CBIએ નવ કેસ દાખલ કર્યા

નવી દિલ્હી, તા.૨૬

પશ્ચિમ બંગાળમાં ચૂંટણી બાદ થયેલી હિંસા મુદ્દે ગુરૂવારે સીબીઆઈએ ભારે મોટી કાર્યવાહી કરી છે અને ૯ કેસ દાખલ કર્યા છે. જાણવા મળ્યા મુજબ સીબીઆઈના તમામ ૪ એકમ કોલકાતાથી પોતાની ટીમોને સંબંધિત અપરાધ સ્થળો પર મોકલી રહી છે. ઉપરાંત વધુ કેટલાક કેસ નોંધવાની પ્રક્રિયા ચાલુ છે અને તે પૈકીના અમુક કેસ રાજ્ય સરકારે સોંપ્યા છે. કોલકાતા હાઈકોર્ટની ૫ સદસ્યોની પીઠે આ વર્ષની શરૂઆતમાં પશ્ચિમ બંગાળમાં યોજાયેલી વિધાનસભા ચૂંટણી બાદના કથિત દુષ્કર્મ અને હત્યાના કેસની તપાસ સીબીઆઈને સોંપી છે. ગત ૧૯ ઓગષ્ટના રોજ કોલકાતા હાઈકોર્ટે મુખ્યમંત્રી મમતા બેનર્જીને ભારે મોટો આંચકો આપીને ચૂંટણી બાદ થયેલી હિંસાની તપાસ સીબીઆઈને સોંપી દીધી હતી.

એ1ક Bazaar®
એક દેશ • એક માર્કેટ • ઘણી ભાષાઓ
ટ્રેડ | ટેન્ડર | ઈન્વેસ્ટમેન્ટ
અબ દુનિયા સે ધંધા આપકી ભાષામે
એક મહિના માટે ચાર્જ | ખેડુત ૧૦૦/- | કારીગર ૧૫૦/- | SME & MSME ૨૫૦/-
ફ્રી ટ્રાયલ માટે આજે લોગ ઇન કરો www.ekbazaar.com
M. 9019217734 , 7676911802 • Help Line : 18003091349